

## સરદાર સાહેબ કા યહ અપમાન, નહીં સહેગા હિન્દુસ્તાન

કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી સૈફુદીન સોઝે સરદાર પટેલ સાહેબની અખંડિતતા અને દેશભક્તિ ઉપર સવાલો ઉભા કરતા અશોભનીય નિવેદન પર હિંમતનગર શહેર ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખેલ. આ પ્રસંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પાલીકા પ્રમુખ અનીરુધ્ધ સોરઠીયા, સંગઠન પ્રભારી નિર્ભયસિંહ રાઠોડ, પૂર્વ પાલીકા પ્રમુખ નિલાબેન પટેલ, શહેર મહામંત્રી હર્ષદ મિસ્ત્રી, દીલીપભાઈ પટેલ, અમૃત પુરોહીત, સવજી ભાટી, પ્રો.વાસુદેવ રાવલ, મહિલા મોરર્ચાના પ્રમુખ હંસાબેન પિત્રોડા, જીલ્લા ખજાનચી જયેશભાઈ શાહ, જયાબેન પટેલ, શ્રીમતી વિમળા પ્રસાદ, રાકેશભાઈ પટેલ, શૈલેષ ધુવાડ, મિતેશ શાહ, યતીનબેન મોદી, સાવન દેસાઈ, રાજુ દેસાઈ, ચેતન પંચાલ, જયેશ પટેલ(કવી) તથા યુવા મોરર્ચાના કાર્યકરો, મહિલા મોરર્ચાની બહેનો ઉપસ્થિત રહી હતી.

# હિંમતનગર, પ્રાંતિજ અને તલોદમાં એક ઈંચથી વધુ વરસાદ

### શુક્રવારે રાત્રે પડેલા વરસાદ બાદ ગરમી ઘટી : શનિવારે વડાલી, પોશીના અને વિજયનગરમાં સામાન્ય છાંટા પડ્યા

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી વરસાદી માહોલ જામ્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શુક્રવારે મોડી રાત્રે હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ પંથકમાં એક ઈંચથી વધુ વરસાદ પડવાને કારણે આ વિસ્તારોમાં ગરમીનો પારો ગગડી ગયો હતો. જો કે શનિવારે વડાલી, વિજયનગર અને પોશીના પંથકમાં સામાન્ય છાંટા પડ્યા હતા.

આ અંગે ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે રાત્રે હિંમતનગરમાં ૩૭, ખેડબ્રહ્મામાં ૭ અને પ્રાંતિજ-તલોદ પંછકમાં શનિવારે સવારે છ વાગ્યા સુધી ૨૭ મી.મી.થી વધુ વરસાદ પડ્યો હતો. જો કે ઈડર પંથકમાં શુક્રવારે પડેલા અંદાજે ચાર ઈંચથી વધુ વરસાદને કારણે ખેડૂતો ચોમાસુ પાકોની વાવણી કરવામાં પરોવાઈ ગયા છે.

જ્યારે શનિવારે સમગ્ર જિલ્લામાં આકાશ વાદળછાયુ રહ્યુ હોવા છતાં દિવસ કોરો ગયો હતો તેમ છતા વડાલી, પોશીના અને વિજયનગર પંથકમાં મળી કુલ ૧૧ મી.મી. વરસાદ પડ્યો હતો. સાંજના સુમારે આકાશમાં વાદળો ગોરંભાઈ રહ્યો હોવાને કારણે વધુ વરસાદ થવાની શક્યતા નકારી શકાતી નથી.

## રેલ્લાવાડા સબ સ્ટેશન વગર વાયરા-વરસાદે વારંવાર બંધ

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા યુજીવીસીએલ સબ સ્ટેશન મારફતે ૪૦થી વધુ ગામોમાં વીજળી પુરી પાડવામાં આવે છે. અહીંનો લેન્ડલાઈન ફોન ઘણા સમયથી ચાલુ છે કે બંધ તે શમજાતુ નથી. જ્યારે મોબાઈલથી વાત કરવામાં ખૂબજ વિલંબ થાય છે. આ વિસ્તારના જાગૃત માણસો લાઈટના ધાંધીયાથી કંટાળી ગયા છે. જ્યોતિગ્રામનું લાઈટ ૨૪ કલાક આપવાના બદલે દિવસમાં ૧૦ વખત બંધ થઈ જાય છે અને કલાક-બે કલાક સુધી બંધ રહે છે. રાત્રે ખાવાના વખતે બેટરી તૈયાર રાખવી પડે છે. આવી પરિસ્થિતિ કેમ ઉભી થાય છે તે સમજાતુ નથી. દર મંગળવારે રીપેરીંગ માટે સવારે ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી બંધ રહે છે. તો પછી ક્યાં રીપેરીંગ થતુ હશે. આ બાબતે મોડાસા ધનસુરા અને મહેસાણાના લોકો જણાવી રહ્યા છે કે દિવસ રાત કેટલો સમય લાઈટ આપેલ છે અને મંગળવારે ક્યાં કઈ ટુકડીએ શુ રીપેરીંગની કામગીરી બજાવી છે તે વિષે રીપોર્ટ મંગાવવા જણાવ્યુ છે. સ્થાનિક તંત્રની આળસ ખંખેરવાનો હવે સમય પાકી ગયો છે. નિયમિત પુરતી લાઈટ મળે તેવી આમ જનતાની માંગણી છે.



## યુનિવર્સીટીમાં પ્રથમ આવવા બદલ શ્રી ઉમિયા ચંદ્રક મેડલ મળ્યો

ઉમિયા માતાજી સંસ્થા ઊંઝા તરફથી દર ત્રણ વર્ષે સન્માનજનક તથા વિશિષ્ટ વ્યક્તિઓ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને આપવામાં આવતો શ્રી ઉમિયા ચંદ્રક મેડલ વર્ષ ૨૦૧૮માં હિંમતનગરમાં રહેતા અને સહયોગ ડેન્ટલ કલીનક ધરાવતા ડૉ. બિરુદ ગાંડાભાઈ પટેલને એમ. ડી. એસ. (પ્રોસ્થોડોનિટીકસ બ્રાંચ)યુનીવર્સીટીમાં પ્રથમ આવવા બદલ મળતા પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે. જેને લઈને સમાજના આગેવાનોએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસામાં વરસાદની ઝાપટા રૂપી હેલી યથાવત

### અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ખુશખુશાલ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં ચોમાસુ બેસતા અને જીલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસતા જીલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો છે. અસહ્ય ગરમી ઉકળાટ અને બફારાથી જનજીવન પ્રભાવિત બન્યું હતું.

મોડાસા પંથક સહીત અરવલ્લી જીલ્લામાં શુક્રવારે



મોડાસા સહીત જીલ્લાના મોટાભાગના વિસ્તારોમાં રાત્રીના સુમારે મેઘરાજાએ હેત વરસાવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસામાં ધોધમાર વરસાદ પડતા ૩ કલાકમાં વરસાદનો આંક સવા ઈંચ નોંધાયો હતો. જીલ્લામાં શનિવારે મેઘરાજાએ વિરામ લેતા આકાશે ઉઘાડ કાઢતા અને સૂર્યદેવ મધ્યાહને તપતા અસહ્ય ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. બપોરના સુમારે અડધો કલાક વરસાદી ઝાપટું પડ્યા બાદ આકાશે વાદળોને ઘેરાબંધીથી વાતાવરણમાં બફારા બાદ રાત્રીના સુમારે મેઘ ગર્જના સાથે વરસાદ ખાબકતા મોડાસા શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા વાહનો પાણીમાં ફસાતા વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મોડાસા બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં અને ચાર રસ્તા પર ઢીચણ સમા પાણી ભરાતા ટુ-વ્હીલર વાહનોમાં પાણી ભરાતા લોકોને ધક્કા મારવાનો વારો આવ્યો હતો. મોડાસામાં ભૂગર્ભ ગટર યોજના એક ઈંચ વરસાદમાં પણ હાંફી હોય તેમ શહેરમાં પાણી ભરાતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

## સંકલન સમિતિની બેઠકમાં હિંમતનગરમાં વધી રહેલી ગુનાખોરી ડામવા ધારાસભ્યની ઉગ્ર રજુઆત

હિંમતનગર, તા. ૩૦

જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની શનિવારે યોજાયેલી સંકલનની બેઠકમાં હિંમતનગરના ધારાસભ્યએ તાલુકામાં વધી રહેલી ગુનાખોરીને ડામવા માટે વહિવટીતંત્ર દ્વારા વધુ અસરકારક કામગીરી કરવા માટે કરેલી રજુઆત બાદ જિલ્લાના અધિકારીઓ ખુબજ સતર્ક થઈ ગયા હતા. ત્યારબાદ વહિવટીતંત્ર દ્વારા આ દિશામાં સત્વરે કામગીરી કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી.

આ અંગેની વિગત એવી છે કે શનિવારે કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની યોજાયેલી બેઠકમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ હિંમતનગર સહિત તાલુકાના અન્ય સ્થળે ચોરી, છેતરપીંડી, વાહનચોરી સહિત કેટલાક ગુનાખોરીના કિસ્સાઓ વધી રહ્યા છે જે સંદર્ભે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અસરગ્રસ્તોએ ફરીયાદો પણ નોંધાવી હતી તેમ છતાં કેટલાક અપવાદરૂપ કિસ્સાઓને બાદ કરતા ગુનાખોરીના પ્રમાણમાં ઘટાડો થયો નથી જેથી તંત્રના અધિકારીઓએ પ્રજાની સુખાકારી માટે વધુ અસરકારક કામગીરી કરવી જોઈએ તેવો સુર વ્યકત કરતા સંલગ્ન વિભાગ દ્વારા તે દિશામાં કામ કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી.

આ બેઠકમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે વણજ અને ખેડવા જળાશયના અસરગ્રસ્તોના પુનઃ વસવાટ માટે રજુઆત કરી હતી તથા વનવાસી મંડળીઓમાં કામ કરતા આદીવાસીઓને વીમા કવચ પુરૂ પાડવા અનુરોધ કર્યો હતો તથા જિલ્લાના અન્ય પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# સાબરકાંઠા બેંકની ચૂંટણીને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો

### હાલ છ ઉમેદવારો બિનહરીફ જાહેર : ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨ જુલાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાની સાબરકાંઠા મધ્ય સહકારી બેંકના ડીરેક્ટરોની ચૂંટણી તા.૧૭-૭-૨૦૧૮ના રોજ યોજાનાર છે. જેને લઈને હાલ સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મલ્યો છે. ૧૮ વિભાગમાંથી ટોટલ ૧૧૭ ફોર્મ ભરાયાં હતા. જેમાં ચકાસણી બાદ તથા છ વિભાગના ઉમેદવારો બીનહરીફ થતાં ૮૧ ઉમેદવારો હાલ મેદાનમાં તો બીજી જુલાઈ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ.

સાબરકાંઠા કોઓપરેટીવ બેંકની ચૂંટણીને લઈને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી કુલ ૧૮ વિભાગોમાંથી ૧૧૭ ઉમેદવારી ફોર્મ ભરાયાં હતાં જેમાં ફોર્મ ચકાસણી બાદ ૮૧ ઉમેદવારો હાલ મેદાનમાં છે. હજુ બીજી જુલાઈ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાણી છેલ્લી તારીખ છે તો હાલ ૧૮ વિભાગોમાંથી ૬ વિભાગોના ઉમેદવારો બીન હરીફ જાહેર થયાં છે. હજુ બે વિભાગોમાં બીનહરીફ થાય તેવી શક્યતાઓ છે. હાલ ૧૮ વિભાગમાંથી ૮૧ ઉમેદવારો મેદાન માં છે અને તારીખ બીજી જુલાઈ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ છે ત્યારે સ્પષ્ટ ખબર પડી જશે કે કેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે અને હજું કેટલાં વિભાગમાં બીનહરીફ થશે. જ્યારે પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીને ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે તો તેવોના નેજા હેઠળ નિષ્પક્ષ ચૂંટણી યોજાશે.

૮ વિભાગમાંથી બીન હરીફ થયેલ ઉમેદવારોના નામ અને ગામ જુથ નીચે મુજબ છે.

(૧) શામળભાઈ રાવજીભાઈ પટેલ-ખેડબ્રહ્મા - જુથ - ૭ (૨) પટેલ જશુભાઈ શીવાભાઈ- માલપુર - જુથ - ૯ (૩) પટેલ અરવીદભાઈ વીસરામભાઈ-વડાલી -૧૧ (૪) જગદીશભાઈ શામજીભાઈ- ધનસુરા - ૧૩ (૫) પટેલ મહેશભાઈ અમીચંદભાઈ (માર્કેટીંગ કો.સો.મંડળી) (૬) ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ - હિંમતનગર- ઈતર



## કચ્છ યુનિવર્સીટી પ્રોફેસરના મોં પર અસામાજિક તત્વો દ્વારા ફેંકાયેલ સાહીનો વિરોધ મોડાસામાં

મોડાસા કોલેજ કેમ્પસમાં શુક્રવારે પ્રાધ્યાપકોએ કાળી પટ્ટી ધારણ કરી કચ્છ યુનિવર્સીટીમાં કેટલાક અસામાજિક તત્વોએ કેમેસ્ટ્રીના પ્રાધ્યાપક બક્ષીને અપમાનિત કરી મોઢા પર શાહી ફેંકી યુનિવર્સીટીમાં સરઘસ કાઢવામાં આવતા શિક્ષણ જગત માટે કલંકીત ઘટના બનતા આવા અસામાજિક તત્વોના હિનકારી કૃત્યને ચલાવી લેવાય નહિ અને કૃત્ય કરનાર અસામાજિક તત્વો સામે સખ્ત કાર્યવાહી કરવાની માંગ ઉત્તર ગુજરાત હેમચંદ્રચાર્ય યુનિ.ના કુલપતિને કોલેજ મંડળના પ્રાધ્યાપકોએ આવેદનપત્ર આપી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. કચ્છ યુનિવર્સીટીમાં પ્રોફેસર પર એબીવીપીના હોદ્દેદારો દ્વારા શાહી ફેંકવામાં આવી હોવા છતાં મોડાસા કોલેજના પ્રાધ્યાપકોએ આવેદનપત્રમાં અસામાજિક તત્વો દ્વારા શાહી ફેંકવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતા કદાચ મોડાસાના પ્રોફેસરો પર પણ પ્રાધ્યાપકોનો ખોફ હોવાની વાત વહેતી થયી હતી.

## ખેડબ્રહ્મા કોલેજમાં ડ્રગ્સનો દુરૂપયોગ તથા તેનો ગેરકાયદે વેપાર પર વ્યાખ્યાન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૩૦

યુનાઈટેડ નેશન તથા ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે કોલેજ સભાખંડમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા ડ્રગ્સનો ગેરઉપયોગ તથા તેનો ગેરકાયદેસર વેપાર પર વ્યાખ્યાન યોજાયું. આજે ડ્રગ્સ શબ્દ આખી દુનિયા માટે સરદર્દ બની ગયો છે. ડ્રગ્સની ખરાબ આદતના કારણે વિશ્વમાં કેટલા લોકો મોતને ભેટે છે. આજે યુવાનોનો સૌથી મોટો શત્રુ ડ્રગ્સ છે. આજકાલના યુવાનો બહુ જલ્દી હતાશા અનુભવે છે અને આવા યુવાનો સહેલાઈથી ડ્રગ્સના નશા તરફ વળી જાય છે. જ્યારે અમુક પોતાની શ્રીમંતાય અને દેખાડો કરવામાં વિકએન્ડમાં યોજાતી રેવપાર્ટીમાં અવનવા ડ્રગ્સના નશો કરે છે અને ધીરે ધીરે આ નશાના આદી બની જાય છે. કેટલાક લોકો જીવનની કડવી વાસ્તવિકતા સામે લડવાને બદલે એનાથી દૂર ભાગે છે અને તે માટે પહેલો સહારો નશામાં શોધે છે. કેટલાક લોકો આલ્કોહોલના બંધાણી બની જાય છે અને ધીરેધીરે શરીરને ખલાસ કરે છે. જ્યારે કેટલાક ડ્રગ્સને અપનાવી ઝડપથી મગજ વિચારશક્તિ સાથે શરીરને ખલાસ કરી મોતને વહાલુ કરે છે. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અશ્વિન બી. બ્રહ્મભટ્ટે વિષયાનુસાર વર્તમાન પ્રવાહોને ધ્યાનમાં રાખી પોતાનું પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.એસ. રાઠવા તથા ડૉ. કે.ડી. પટેલે કર્યું હતું.

## બનાસકાંઠાની ૨૯ પોસ્ટ ઓફિસમાં આધારકાર્ડમાં સુધારા-વધારા કરી અપાશે

ભારતીય ટપાલ સેવા આધુનિક થઈ રહી છે. જ્યાં બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસમાં મંગળવારે કોર ઈન્ટ્રોકેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. જેનાથી હવે બચત બેક, બુકીંગ, રજીસ્ટર સહિતની સેવાઓ ઝડપી બનશે. આ ઉપરાંત જિલ્લાની ૨૯ પોસ્ટ ઓફિસમાં આધાર સેન્ટર શરૂ કરવામાં આવ્યા હતા. જ્યાં આધારકાર્ડમાં પ્રજાજનો સુધારા વધારા કરી શકશે. બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસમાં મંગળવારે કોર ઈન્ટ્રોકેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. આ અંગે જિલ્લા ડાક અધિક્ષક એચ.સી. જોષીએ જણાવ્યું હતું કે ભારતીય ટપાલ સેવાનું હવે આધુનિકરણ થઈ રહ્યુ છે. જે અંતર્ગત મુખ્ય પોસ્ટ ઓફિસમાં કોર ઈન્ટ્રોકેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. જેનાથી હવે બચત બેંક, બુકીંગ, રજીસ્ટર સહિતની સેવાઓ ઝડપી બનશે. આ ઉપરાંત જિલ્લાની ૨૯ પોસ્ટ ઓફિસમાં આધાર સેન્ટર શરૂ કરવામાં આવ્યા હતા. જ્યાં આધારકાર્ડમાં પ્રજાજનો સુધારા વધારા કરી શકશે. આ ઉપરાંત પોસ્ટ ઓફિસમાં ક્યુ મેનેજમેન્ટ સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ટોકન પદ્ધતિ અમલી કરવામાં આવશે. જેનાથી ગ્રાહકોની કિંમતી સમય બચશે.

### મોડાસા નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરે ટીમ સાથે

## શહેરમાં વરસાદી પાણીના નિકાલ અને જર્જરિત મકાનોની કામગીરીનું સ્થળ નિરીક્ષણ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના વડુમથક મોડાસા શહેરમાં નવનિયુક્ત નગરપાલિકા પ્રમુખ



સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખ તેમની ટીમ સાથે ચોમાસામાં વરસાદી પાણી ભરાતા વિસ્તારોની બે દિવસથી મુલાકાત લઈ ધોધમાર વરસાદમાં પાણી ભરાઈ ના રહે તે માટે પ્રિ મોન્સૂન કામગીરી અને સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

તદઉપરાંત જર્જરિત મકાનો ઉતારી લેવા માટે રહીશોની મુલાકાત કરી હતી. નગરપાલિકા ઈજનેર દેવાંગ સોની અને સેનેટરી ઈન્સ્પેક્ટર સુનિલ રાજપુરોહિત સતત વરસાદી પાણીના નિકાલ અને ગંદકી ન થાય તે માટે દેખરેખ હાથ ધરી હતી.

નગરપાલિકા નિરીક્ષણની કામગીરી અને સતર્કતા દાખવતા નગરજનોએ સરાહના કરી હતી.

મોડાસા શહેરની ભૌગોલિક સ્થિતિના લીધે તળાવમાં ફેરવતા વરસાદી પાણીના નિકાલ માટે શહેરના મોટાભાગના વિસ્તારોને ભૂગર્ભ ગટર યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. નગરપાલિકા તંત્ર દ્વારા પ્રિ મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના નીચાણવાળા અને લઘુમતી વિસ્તારની શુક્રવારે રૂબરૂ મુલાકાત લઈ સ્થળ પરીક્ષણ કરી પાણી ભરવાના રોડ બાજુના ખાડાઓમાં માટીકામ કરાવવાની સાથે ગટરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વરસાદી માહોલમાં નગરમાં આવેલા જર્જરિત મકાનોથી જાનહાની અને નુકસાની નિવારવા માટે જર્જરિત મકાનો ઉતારી લેવા રહીશોને સમજાવાની કામગીરી હાથ ધરી હતી. નગરપાલિકાના પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખ દ્વારા શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે અને શહેરને ચોમાસાની ગંદકી હટાવી સ્વચ્છ બનાવવા સતત પ્રયત્નશીલ હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ દ્વારા સારવાર નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ તથા નારાયણ



હોસ્પિટલ દ્વારા સારવાર નિદાન કેમ્પ યોજાયો જેમાં ૧૩૦ જેટલાં દર્દીઓએ ફ્રી સેવાનો લાભ લીધો.

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના વર્લ્ડ ચેરપર્સન નાના ચુડાસમાંના જન્મદિન નિમિત્તે નારાયણ મલ્ટી હોસ્પિટલના સ્પેશિયાલિસ્ટ તથા જાયન્ટસ ગ્રુપ પ્રાંતિજ ગોલ્ડના ઉપક્રમે પ્રાંતિજ ડૉ.આર.કે. પટેલના દવાખાને સારવાર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમા હાર્ડને લગતા રોગ, બી.પી., ડાયાબિટીસ અને ઈ.સી.જી સહિતની ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં ડૉ. રવિન્દ્ર ભોજાણી, ડૉ. આર.કે. પટેલ, દિપીકાબેન સહિત નારાયણ મલ્ટી સ્પેશિયાલિસ્ટ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સહેલી પ્રમુખ દિપ્તીબેન સોની, શિલ્પાબેન શર્મા, જાયન્ટસ પ્રમુખ વજેશભાઈ ભાવસાર, સમીરભાઈ શર્મા, પિયુષભાઈ ભાવસાર, કમલેશભાઈ બાલાણી, હાર્દિક બ્રહ્મભટ્ટ, સુનીલભાઈ કડીયા સહિત જાયન્ટસ કાર્યકરો ઉપસ્થિતિ રહ્યાં હતાં. ૧૩૦ જેટલા દર્દીઓએ વિનામુલ્યે સેવાનો લાભ લીધો હતો.

## મોડાસાના યુવાનના જન્મ દિવસની ઉજવણીથી કોમી-એકતાના દ્રશ્યો સર્જાયા

મોડાસાના યુવાને લઘુમતી વિસ્તારની શાળાના બાળકોને પેન્સિલ, કલર કીટ આપી જન્મ દિવસની ઉજવણી કરી કોમી-એકતાના દર્શન કરાવ્યા હતા. મોડાસામાં ''આપણું મોડાસા'' વોટ્સઅપ ગ્રુપ થકી સેવાકીય વિવિધ સેવાકીય



પ્રવૃતિઓની સુવાસ ફેલાવનાર ભગીરથ કુમાવતે જન્મ દિવસની ઉજવણી શનિવારે મોડાસાની લઘુમતી વિસ્તારની મખદૂમ શાળાના ધોરણ-૧ના બાળકોને પેન્સિલ અને કલર કીટની વહેંચણી કરવામાં આવતા બાળકોમાં આનંદ છવાયો હતો. આ પ્રસંગે મખદૂમ મંડળના પ્રમુખ નઈમ મેઘરેજી અને નીતિન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આજના કહેવાતા આધુનિક યુગમાં જન્મદિવસની ઉજવણીના નામે લખ લૂંટ ખર્ચ કરતા યુવાન-યુવતીઓ માટે ઉદાહરણ રૂપ કાર્ય કરતા યુવાનની સરાહના લોકોએ કરી હતી.